





કટાસવણમાં અકસ્માત: 3નાં મોત, 9 ઘાયલ

ભાત કાપણી માટે મજૂરોને લઈ જતો પિકઅપ ટેમ્પો પલટી ગયો

સામેથી આવતાં બેકાબૂ ટેમ્પોથી બચવા મહિલાએ મોપેડ ઝાડી-ઝાંખરામાં ઉતારી દેતાં બચાવ

વ્યારા: વ્યારા નજીક લોટરવા જતાં રોડ પર ભાત કાપણી માટે 12 જેટલા મજૂરોને લઈને જઈ રહેલો પિકઅપ ટેમ્પો પલટી જતાં બે મહિલા સહિત ત્રણનાં મોત નીપજ્યાં હતાં.

મળતી માહિતી મુજબ બુધવારે સવારના સાડા આઠ વાગ્યાના અરસામાં નવી વસાહતથી ભાત કાપણી કરવા મજૂરોને લઈને જઈ રહેલો પિકઅપ ટેમ્પો નં.(GJ 16 H 3618) વ્યારા સિંગી ફાટકથી લોટરવા તરફ જતાં રોડ પર કટાસવણની સીમમાં સિંગલ ફળિયા પાસે ચાલકની બેદરકારીને કારણે બેકાબૂ બન્યો હતો અને રસ્તા પર પલટી ખાઈ ગયો હતો. આ અકસ્માતમાં 2 મહિલા અને પુરુષ મળી કુલ ત્રણનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ટેમ્પો ચાલક સહિત ટેમ્પોમાં સવાર અન્ય મજૂરોને વત્તી-ઓછી ઈજા પહોંચી હતી. જેમને તાત્કાલિક વ્યારા સ્થિત UNM હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઘટના દરમિયાન સામેથી આવતી મોપેડ નં.(GJ 26 J 3495) પર સવાર મહિલાએ ત્વરિત પોતાનું મોપેડ રસ્તા પરથી નીચે ઉતારી દેતાં સામેથી આવતા બેકાબૂ ટેમ્પોની અડફેટે આવતાં માંડ માંડ બચી હતી. જોકે, મોપેડ ચાલક મહિલાને ઈજા પહોંચી હતી. સમગ્ર બનાવને પગલે પોલીસે ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી ટેમ્પો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, સવાર સવારમાં જ વ્યારા નજીક ટેમ્પો પલટી જતાં અકસ્માતમાં એક જ ફળિયાની ત્રણ વ્યક્તિનાં મોત નીપજ્યાં હતાં. જેના પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી.

મૃતકોની યાદી

-સીતાબેન મંગાભાઈ ગામીત (ઉ.વ.58)
-અરવિંદભાઈ મણિલાલ રાઠોડ (ઉ.વ.52)
-ગજરાબેન શુક્કરભાઈ ગામીત (ઉ.વ.75)
(તમામ રહે.,નવી વસાહત ફળિયું, તા.વ્યારા)

ઇજાગ્રસ્તોની યાદી

(1) લાડકીબેન મગનભાઈ નાયકા (ઉ.વ.70)
(2) વિજયભાઈ જીતુભાઈ ચૌધરી (ઉ.વ 37)
(3) મંજુબેન મનીષભાઈ કોંકણી (ઉ.વ.30)
(4) શાંતિબેન રમણભાઈ ચૌધરી (ઉ.વ.65)
(5) સીતાબેન છનાભાઈ ચૌધરી (ઉ.વ.60)
(6) ટીનુબેન અરવિંદભાઈ રાઠોડ (ઉ.વ.70)
(7) છનાભાઈ ઝીણાભાઈ રાઠોડ (ઉ.વ.65)
(તમામ રહે.,નવી વસાહત, વ્યારા)
(8) નવનિતાબેન કિરણભાઈ ગામીત (મોપેડ ચાલક) (રહે.,ભાનાવાડી, ગામઠાણ ફળિયું, તા.વ્યારા)
(9) મહેન્દ્ર નવીનભાઈ રાઠોડ (ટેમ્પો ચાલક) (રહે.,નવી વસાહત, વ્યારા)



સુરેશ ગાંધી

પાનોલીની સુપ્રીમ પેટ્રો કેમમાં આગ: ત્રણ કામદાર દાઝી ગયા

સાતથી વધુ ફાયર ફાઇટરોની ટીમે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો

ઓઇલ ડિસ્ટિલેશન દરમિયાન ગેસથી બ્લાસ્ટ થયાની આશંકા

અંકલેશ્વર: અંકલેશ્વર પંથકમાં ઔદ્યોગિક એકમોમાં આગ લાગવાની ઘટનાઓનો સિલસિલો યથાવત્ છે. સતત બીજા દિવસે ઔદ્યોગિક વિસ્તારમાં આગની ગંભીર ઘટના સામે આવી છે. પાનોલી જીઆઈડીસીમાં આવેલી સુપ્રીમ પેટ્રોકેમ કંપનીમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં ભારે દોડધામ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ત્રણ કામદાર દાઝી જતાં તેમને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર કંપનીમાં ઓઇલ ડિસ્ટિલેશનની કામગીરી દરમિયાન અચાનક ગેસ ઉત્પન્ન થયા બાદ બ્લાસ્ટ થતાં આગ ફાટી નીકળી હોવાની પ્રાથમિક આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ધુમાડાના ગોટેગોટા અને આગની જ્વાળાઓ દૂર દૂર સુધી દેખાઈ હતી. જેને પગલે આસપાસની કંપનીઓમાં પણ ચિંતાનો માહોલ ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં પાનોલી ફાયર વિભાગ સહિતની ટીમો તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. સાતથી વધુ ફાયર ફાઇટરો દ્વારા પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. લાંબી કામગીરી બાદ ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવ્યો હતો. આ દરમિયાન વિનોદ, સુરેશ અને જાવલી નામના ત્રણ કામદાર દાઝી ગયા હતા, જેમને ખરોડની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર કંપનીમાં ઓઇલ ડિસ્ટિલેશનની કામગીરી દરમિયાન અચાનક ગેસ ઉત્પન્ન થયા બાદ બ્લાસ્ટ થતાં આગ ફાટી નીકળી હોવાની પ્રાથમિક આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ધુમાડાના ગોટેગોટા અને આગની જ્વાળાઓ દૂર દૂર સુધી દેખાઈ હતી. જેને પગલે આસપાસની કંપનીઓમાં પણ ચિંતાનો માહોલ ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં પાનોલી ફાયર વિભાગ સહિતની ટીમો તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. સાતથી વધુ ફાયર ફાઇટરો દ્વારા પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. લાંબી કામગીરી બાદ ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવ્યો હતો. આ દરમિયાન વિનોદ, સુરેશ અને જાવલી નામના ત્રણ કામદાર દાઝી ગયા હતા, જેમને ખરોડની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર કંપનીમાં ઓઇલ ડિસ્ટિલેશનની કામગીરી દરમિયાન અચાનક ગેસ ઉત્પન્ન થયા બાદ બ્લાસ્ટ થતાં આગ ફાટી નીકળી હોવાની પ્રાથમિક આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ધુમાડાના ગોટેગોટા અને આગની જ્વાળાઓ દૂર દૂર સુધી દેખાઈ હતી. જેને પગલે આસપાસની કંપનીઓમાં પણ ચિંતાનો માહોલ ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં પાનોલી ફાયર વિભાગ સહિતની ટીમો તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. સાતથી વધુ ફાયર ફાઇટરો દ્વારા પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. લાંબી કામગીરી બાદ ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવ્યો હતો. આ દરમિયાન વિનોદ, સુરેશ અને જાવલી નામના ત્રણ કામદાર દાઝી ગયા હતા, જેમને ખરોડની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર કંપનીમાં ઓઇલ ડિસ્ટિલેશનની કામગીરી દરમિયાન અચાનક ગેસ ઉત્પન્ન થયા બાદ બ્લાસ્ટ થતાં આગ ફાટી નીકળી હોવાની પ્રાથમિક આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ધુમાડાના ગોટેગોટા અને આગની જ્વાળાઓ દૂર દૂર સુધી દેખાઈ હતી. જેને પગલે આસપાસની કંપનીઓમાં પણ ચિંતાનો માહોલ ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં પાનોલી ફાયર વિભાગ સહિતની ટીમો તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. સાતથી વધુ ફાયર ફાઇટરો દ્વારા પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. લાંબી કામગીરી બાદ ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવ્યો હતો. આ દરમિયાન વિનોદ, સુરેશ અને જાવલી નામના ત્રણ કામદાર દાઝી ગયા હતા, જેમને ખરોડની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

સંક્ષિપ્ત સમાચાર

પલસાણામાં શ્રી ગૌરીગણેશ ટેક્ષો ફેબની ઓફિસમાં ચોરી થતાં પોલીસ ફરિયાદ

પલસાણા: સુરતના વેસુમાં આવેલા શ્યામ રસના એપાર્ટમેન્ટમાં રહેતા અને વેપાર કરતા ૪૫ વર્ષીય સંજયભાઈ વીજયભાઈ ટોડીએ પલસાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ગત તા.૨૫ ઓક્ટોબરે રાત્રિના અંદાજે ૧:૫૦ વાગ્યાના અરસામાં ચોરોએ પલસાણામાં પ્લોટ નં.એફ ૨૮૩૦ ખાતે આવેલી તેમની શ્રી ગૌરીગણેશ ટેક્ષો ફેબ ડાયમંડ-૩ની ઓફિસને નિશાન બનાવી હતી. તસ્કરોએ ઓફિસમાં પ્રવેશીને ટેબલના ડ્રોવરનું લોક તોડી નાંખ્યું હતું અને અંદર કારીગરોના પગાર તથા મેઇન્ટેનન્સ માટે રાખેલા રૂ.૩,૮૫,૭૦૦ રોકડા ચોરી લીધા હતા. આ ઉપરાંત ડ્રોવરમાં રાખેલું એક પાકીટ પણ ચોરાયું હતું, જેમાં HDFC બેંકની ચેકબુક રાખવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતાં આસપાસમાં તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, ફરિયાદીના યુનિટની બાજુમાં આવેલા આશીષભાઈના યુનિટમાંથી પણ અજાણ્યા ઈસમ દ્વારા રોકડા રૂપિયાની ચોરી કરવામાં આવી છે.

ભરૂચ જિલ્લા યૂથ કોંગ્રેસ પ્રમુખ સસ્પેન્ડ



ભરૂચ: ગત 1 નવેમ્બરના રોજ દિલ્હી ખાતે રાહુલ ગાંધીના નેતૃત્વમાં મતદાર યાદીમાં કથિત ગેરરીતિઓ અને વોટચોરીના મુદ્દે મોટું વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં ગુજરાતમાંથી હાજર ન રહેનારા ગુજરાત યૂથ કોંગ્રેસના 49 જેટલા હોદ્દેદાર સામે હાઇકમાન્ડે કડક કાર્યવાહી કરી છે, જેમાં ભરૂચ જિલ્લા યૂથ કોંગ્રેસ પ્રમુખ વિપુલ વસાવાને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

પલસાણામાં વીજ વાયર તૂટતાં શેરડી ખાખ

પલસાણા: પલસાણા ગામની હનુમાન શેરીમાં રહેતા ૬૭ વર્ષીય ખેડૂત શૈલેષકુમાર ડાહ્યાભાઇ પટેલે પલસાણા પોલીસ મથકે જાણવાજોગ ફરિયાદ નોંધાવી છે. ગત તા.૨/૧૧/૨૦૨૬ના રોજ બપોરે ૧:૪૫ વાગ્યાના અરસામાં ચીકુવાડીની બાજુમાં આવેલા બ્લોક નં.૧૦૯ વાળા તેમના ખેતરમાં આ દુર્ઘટના બની હતી. ખેતરની વચ્ચે આવેલા બે થાંભલામાંથી પસાર થતો વીજ વાયર અચાનક તૂટી પડ્યો હતો. જેથી શેરડીનો પાક બળી ગયો હતો.

ડેડિયાપાડાના આંબાવાડી ગામે ઈકો ગાડીએ બાઇકને ટક્કર મારતાં બે ઘાયલ

રાજપીપળા: ડેડિયાપાડાના આંબાવાડી ગામે દૂધડેરી પાસે ગત તા.૨૫/૧૦/૨૦૨૬ના રોજ સાંજે ઇકો કારે બાઇકને ટક્કર મારતાં બે યુવક ઘાયલ થયા હતા. સોમાભાઈ રમણભાઈ તડવીનો પુત્ર અક્ષય અને ચિરાગભાઈ સુરેશભાઈ તડવી મોટરસાઇકલ નં.(GJ-22-K-4525) લઈ આંબાવાડી ગામે ખરીદી કરવા માટે ગયા હતા. દરમિયાન સામેથી આવી રહેલી ઇકો કાર નં.(GJ-06-PB-9879) ના ચાલક અવિનાશભાઈ કિશનભાઈ વસાવા (રહે., કાંટીપાણી. ચિકદા)એ પોતાની ગાડી પૂરઝડપે ચલાવી બાઇકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઇક સવાર અક્ષયભાઈને જમણા પગે ઘૂંટણની નીચે બે જગ્યાએ ગંભીર ફ્રેક્ચર થયું હતું અને ચિરાગભાઈને પણ જમણા પગે ઇજા પહોંચી હતી. ઘટના બાદ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ડેડિયાપાડા સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

કડોદરામાં યુવતીના મોબાઇલની ચીલઝડપ

પલસાણા: મૂળ ઉત્તરપ્રદેશ અને હાલ વરેલીની શાંતિપેલેસ સોસાયટીમાં રહેતી ૨૨ વર્ષીય શ્રૃંખલાકુમારી રાધેલાલ પટેલ ટ્રાવેલ એજન્સીમાં નોકરી કરે છે. ગત ૨૬ ઓક્ટોબરે સાંજે ૭:૪૦ વાગ્યાના અરસામાં તેઓ કડોદરા ખાતે છપ્રાલા બિલ્ડિંગની સામે સુરત-બારડોલી રોડ પરથી પગપાળા પસાર થઈ રહ્યા હતા. આ સમય દરમિયાન પાછળથી એક મોટરસાઇકલ પર ત્રણ અજાણ્યા શખ્સો તેમની નજીક આવ્યા હતા. આ બાઇક પર વચ્ચે બેસેલા અજાણ્યા ઈસમે અચાનક શ્રૃંખલાકુમારીના હાથમાંથી તેમનો ૨૫ હજાર રૂપિયાનો મોબાઇલ ફોન આંચકી લીધો હતો. બાદ ત્રણેય નાસી છૂટ્યા હતા.

કીમમાં પેશાબ કરવા મુદ્દે યુવક પર હુમલો

કીમ: મૂળદ ગામના પટેલ ફળિયામાં રહેતા ધવલકુમાર કિરણભાઈ પટેલ (ઉ.વ.32) ખાનગી નોકરી કરે છે, તેઓ કીમ બજારમાં ઇન્દિરા શોપિંગ સેન્ટરની અંદરના ભાગે માતૃકૃપા મોબાઇલ દુકાનની સામે હાજર હતા. દરમિયાન કઠોદરા ગામના ઇમ્તિયાઝ અને સાદિક નામના બે શખ્સ દુકાનની પાછળની ખુલ્લી જગ્યામાં પેશાબ કરવા જતા હતા. યુવકે તેમને પેશાબ કરવાની ના પાડતાં બંને શખ્સોએ ઉશ્કેરાઈને ગાળાગાળી કરી ઢીકમુક્કીનો માર માર્યો હતો. આરોપીઓએ યુવકની ડાબી આંખ ઉપર કપાળના ભાગે લાકડાના સપાટાથી હુમલો કરતાં કપાળે આઠ ટાંકા આવ્યા હતા, જ્યારે નાકમાં ફ્રેક્ચર થયું હતું. આ બનાવ અંગે કીમ પોલીસ સ્ટેશને ગુનો નોંધાયો છે.

'દરવાજો કેમ ખખડાવ્યો' કહી શેરપુરામાં ટપાલી ઉપર હુમલો

જીવ બચાવવા આસિસ્ટન્ટ બ્રાંચ પોસ્ટ માસ્ટર ભાગ્યો, પરંતુ પીછો કરી હુમલાખોરે શર્ટ ફાડી નાંખ્યું

ભરૂચ: ભરૂચ લાલ બજાર નવગ્રહ મંદિરના મકાનમાં રહેતા અને મૂળ સાબરકાંઠાના કાંકરોલના વતની આકાશકુમાર હસમુખભાઈ દવે છેલ્લાં બે વર્ષથી પોસ્ટ ખાતામાં ફરજ બજાવે છે. છેલ્લા સાત મહિનાથી તેમને શેરપુરા તથા ઉમરાજ ગામે ટપાલ વહેંચવાની ડ્યુટી ફાળવવામાં આવી છે. ગત તા.૩/૧૧/૨૦૨૬ના રોજ સવારે તેઓ હેડ પોસ્ટઓફિસથી શેરપુરા તથા ઉમરાજ ગામની ટપાલો મેળવી વહેંચણી માટે નીકળ્યા હતા. ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ મિત્રની મોપેડ નં.(જીજે-34-યુ-5340) લઈ શેરપુરાના વાડી ફળિયામાં મુબીના માઝ પટેલના નામની ટપાલ આપવા માટે ગયા હતા. દરમિયાન એક મકાનનો દરવાજો ખુલ્લો હોવાથી અંદર કોઈ છે કે નહીં તેની પૂછપરછ માટે તેમણે દરવાજો ખખડાવ્યો હતો. ઘરમાંથી એક ભાઈ બહાર આવતાં તેમને ટપાલ બતાવી હતી, પરંતુ તે શખ્સે ટપાલ પોતાની નથી તેમ કહી પરત આપી હતી. બાદ તારી હિમ્મત કેમ થઈ મારા દરવાજાને ખખડાવવાની? ડોરબેલ કેમ ન વગાડ્યો તેમ કહી તે શખ્સ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને ફરિયાદી સાથે બોલાચાલી કરી ગાળો બોલવા લાગ્યો હતો. ફરિયાદીએ પોતાનું પોસ્ટ વિભાગનું આઈ-કાર્ડ બતાવી માત્ર ટપાલ અંગે પૂછપરછ કરવા આવ્યા હોવાનું જણાવ્યું હતું. છતાં તે વધુ ગુસ્સે ભરાયો હતો અને છાતીના ભાગે ઢીક્કાપાટુનો માર માર્યો હતો. બાદ આરોપી ઘરની નજીક પડેલી સિરામિકની સ્ટાઇલ લઈને મારવા દોડતા પોસ્ટમેન મોપેડ મૂકીને જીવ બચાવી ત્યાંથી ભાગ્યા હતા.

આરોપીએ મોપેડ લઈ પીછો કર્યો હતો અને ગામમાં આવેલી મદ્રેસા પાસે તેમને પકડી લીધા હતા. જ્યાં ફરીથી બેફામ માર મારી નીચે પાડી દીધા હતા અને ફરિયાદીનું ટી-શર્ટ તેમજ સરકારી ટપાલની ડિલિવરી સ્લિપ ફાડી નાંખી નુકસાન પહોંચાડ્યું હતું. એ સમયે આસપાસના લોકો ભેગા થઈ જતાં આરોપીને છોડાવ્યો હતો. આરોપીએ ભવિષ્યમાં આ ગામમાં ટપાલ લઈને આવશે તો જાનથી પતાવી દેવાની ધમકી આપી હતી. આ હુમલા બાદ ડરના માહોલમાં ફરિયાદીએ હેડ ઓફિસે પહોંચી ઉપરી અધિકારી અજયભાઈને સમગ્ર હકીકત જણાવી હતી. એ બાદ નજીકની કપડાંની દુકાનેથી ઓનલાઈન પેમેન્ટ કરી નવું ટી-શર્ટ ખરીદી પહેરીને તેઓ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. આ મામલે ભરૂચ શહેર 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશને સલમાનભાઈ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ભોલાવમાં અવધૂત નગરના બંધ ઘરમાં તસ્કરો ત્રાટક્યા

ભરૂચ: ભરૂચના ભોલાવના અવધૂતનગર-૨, સ્ટ્રીટ નંબર-૧૩, એ-81 ખાતે રહેતાં મોનિકાબેન આશિષભાઈ પટેલ ગત તા.૨ નવેમ્બર-૨૦૨૬ના રોજ પોતાના પરિવાર સાથે ઘરને તાળું મારી સુરત ગયાં હતાં. દરમિયાન તા.૨થી ૩ નવેમ્બરના સમયગાળા દરમિયાન કોઈ ચોરે ઘરના પ્રથમ માળે આવેલા ડાઈનિંગ હોલની બારીનું લોક તોડી મકાનમાં પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ ઘરના બીજા માળે રાખેલા લાકડાના કબાટના ડેલા તોડી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી કરી હતી. ચોરાયેલી મિલકતમાં ૨૨ કેરેટની આશરે એક તોલા વજનની સોનાની બે ચૂડી (કિં. રૂ.૧,૩૭,૯૦૦), નાના બાળકના ચાંદીના બે બ્રેસલેટ, કંદોરો, જૂની પાયલો, મોટાં પેન્ડલ તેમજ બાળકના ગલ્લામાંથી તોડીને કાઢેલા રોકડા રૂ.૪,૦૦૦ સહિત કુલ રૂ.૧,૭૩,૭૦૦ની મતાની ચોરી થઈ હોવાનું બહાર આવ્યું છે.

ભરૂચમાં મોપેડની ચોરી થતાં ફરિયાદ

ભરૂચ: ભરૂચના કંથારીયા રોડ પર આવેલા ઈંટવાલા કોમ્પ્લેક્સના નાઇલ પિઝાની દુકાન સામેથી ગત તા.૨૫/૧૦/૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૮થી ૮:૧૦ વાગ્યાના અરસામાં સુફીયાન ઈશા ટપુની માલિકીની રૂ.૩૦,૦૦૦ની કિંમતની સુઝુકી બર્ગમેન ટુ વ્હિલર ગાડી નં.(GJ-16-DN-6212) કોઈ અજાણ્યો ચોર ચોરી કરી નાસી ગયો હતો. તેઓ પિઝાનું પાર્સલ લઈ પરત ફરતા માત્ર 10 મિનિટમાં તસ્કર ખેલ કરી ગયો હતો. આ અંગે ભરૂચ શહેર એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

વાલોડ-વ્યારાનાં ગામોમાં પરમાણુ પ્રોજેક્ટની હિલચાલ સામે વિરોધ

પ્રોજેક્ટને અન્ય વેરાન જગ્યાએ લઇ જવા ધારાસભ્ય મોહનભાઇ ઢોડિયાની મુખ્યમંત્રીને લેખિત રજૂઆત

વાલોડ: વાલોડ તાલુકાના તેમજ વ્યારાનાં કેટલાંક ગામના લોકોએ પરમાણુ ઊર્જાના પ્રોજેક્ટ અંગે ધારાસભ્ય મોહનભાઇ ઢોડિયાને રજૂઆત કરી આ પ્રોજેક્ટને અન્ય વેરાન જગ્યામાં લઇ જવા અંગે જણાવતાં ધારાસભ્યએ મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ તાપી જિલ્લો મહત્તમ આદિવાસી વિસ્તાર ધરાવે છે. તેમાં વ્યારા અને વાલોડ તાલુકાનાં દસેક ગામ જેવાં કે કહેર, કલમકુઇ, ધામોડલા, બેડકૂવા, ખુશલપુરા, લોટરવા, ભાનાવાડી સહિતના ગ્રામજનોએ ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાને રજૂઆત કરી છે કે, આ ગામના વિસ્તારમાં પરમાણુ ઊર્જા પ્રોજેક્ટ સ્થાપવાની હિલચાલ છે.

જે પરમાણુ ઊર્જા પ્રોજેક્ટ આ વિસ્તારમાં આવવાથી આ વિસ્તારના ગ્રામ્ય જીવન અને ખેતીવાડીની જમીનો પ્રભાવિત થશે. જેને લઇ લોકોમાં ભયનો માહોલ ઊભો થયો છે. આવા સંજોગોમાં પ્રસ્થાવિત પરમાણુ ઊર્જા પ્રોજેક્ટ વાલોડ અને વ્યારા તાલુકાનાં સંબંધિત ગામોમાં ન આવે અને અન્ય કોઈ વેરાન વિસ્તારમાં લઈ જવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે અને આ લોક લાગણીએ જન આંદોલનનું સ્વરૂપ ધારણ કર્યું છે. ત્યારે આ આદિજાતિ સમાજના લોકો આવા પ્રોજેક્ટના કારણે વિસ્થાપિત તરીકે અન્યત્ર પ્રસ્થાપિત થવાનું ક્યારેય પસંદ કરશે નહીં મુજબનું જણાવતાં ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાએ ઉપરોક્ત ગામની સમસ્યાને સમજી ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને લેખિત રજૂઆત કરી સકારાત્મક પગલાં લઈ ઘટતું કરવાની માંગ કરી છે.

બાળકોમાં પુસ્તક જ્ઞાન સાથે સંસ્કાર સિંચન થવું જોઈએ: સમીર મોદી

એના, ટુંડી અને કરાળા ગામની પ્રાથમિક શાળાઓમાં નવા ઓરડાઓનું લોકાર્પણ



ઈલ્યાસ શેખ

પલસાણા: પલસાણાના એના પ્રાથમિક શાળાના પટાંગણમાં તા.૪ ન વેમ્બરે એના, ટુંડી અને કરાળા ગામની પ્રાથમિક શાળાઓના નવનિર્મિત મકાનનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત આ શાળા ઓ માટે અનુક્રમે ૧૬૦ લાખ, ૩૨ લાખ અને ૨૪ લાખ મળીને કુલ ૨૧૬ લાખ રૂપિયા ના ખર્ચે નવું નિર્માણ કાર્ય સંપન્ન થયું છે. આ પ્રસંગે સુરત જિલ્લા પંચાયત પ્રમુખ સમીરભાઈ મોદી, સંસદસભ્ય પ્રભુભાઈ વસાવા, ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર, સુરત જિલ્લા ભાજપ પ્રમુખ ભરતભાઈ રાઠોડ, પલસાણા તાલુકા પંચાયત પ્રમુખ અશ્વિનીકુમારી વાંસિયા અને શિક્ષણ સમિતિના ચેરમેન હાર્દિકભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું હતું કે, આ ગામના આગેવાનોના પ્રયાસથી આજે આ ભવ્ય મકાન ઊભું થયું છે અને અહીં અભ્યાસ કરનાર દરેક બાળક દેશનું ભવિષ્ય છે. શિક્ષણ સમિતિના ચેરમેન હાર્દિકભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભૂતકાળમાં જેનું ખાતમુહૂર્ત થયું હતું તેનું આજે લોકાર્પણ થઈ રહ્યું છે. તેમણે શાળાને મળેલી વિવિધ ભેટોનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં દાતાઓ દ્વારા સીસીટીવી, પ્રોજેક્ટર, સ્માર્ટ ટીવી, યુનિફોર્મ, બેન્ચ અને વોટર કૂલરનો સમાવેશ થાય છે. જિલ્લા પંચાયત પ્રમુખ સમીર મોદીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનના 'સૌનો સાથ, સૌનો વિકાસ' મંત્ર થકી છેવાડાનાં ગામડાં સુધી ગુણવત્તાયુક્ત શિક્ષણ પહોંચી રહ્યું છે. તેમણે શિક્ષકોને બાળકોમાં માત્ર પુસ્તકીય જ્ઞાન જ નહીં પણ સંસ્કારનું સિંચન કરવા અને વાલીઓને બાળકોને નિયમિત શાળાએ મોકલવા અપીલ કરી હતી.

ઓલપાડમાં બે બનાવમાં બે શ્રમિકનાં મોત

સાયણ: ઓલપાડ તાલુકામાં શ્રમિકોનાં મોતની બે દુર્ઘટના સામે આવી છે. પ્રથમ ઘટનામાં કારેલી ગામની સીમમાં સનરાઇઝ ઇન્ડસ્ટ્રિયલના પ્લોટમાં કડિયાકામ કરતો ૨૧ વર્ષીય અલ્કેશ કનુભાઇ ડામોર મિક્સર મશીન ખસેડી રહ્યો હતો ત્યારે વીજ કરંટ લાગવાથી તેનું મોત થયું હતું. સાયણ સરકારી હોસ્પિટલમાં ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે ઓલપાડ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. બીજી ઘટનામાં દેલાડ ગામની સીમમાં એ.જી. ટેક્સ કંપનીના રૂમમાં રહેતા ૬૦ વર્ષીય ઓરિસ્સાના શ્રમિક મોહનચંદ્ર રાધાનાથ સમંતરાયા અગાઉથી બીમાર હતા. ગત ૩જી તારીખે તેઓ રૂમમાં બેભાન હાલતમાં મળી આવ્યા હતા, જેથી સારવાર અર્થે સાયણ હોસ્પિટલ ખસેડાતાં તેમનું મોત નીપજ્યું હતું.



બારડોલી સ્ટેશન રોડથી ગાંધી રોડને જોડતા ડીપી રોડ પર

ટેમ્પોની ટક્કરથી એંગલ તૂટી પડતાં વાહન વ્યવહાર ખોરવાયો

બારડોલી: બારડોલીમાં સ્ટેશન રોડ અને ગાંધી રોડને જોડતા મહત્ત્વના ડીપી રોડ પર અકસ્માત સર્જાતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. સર્વોદય નગર સોસાયટીમાંથી પસાર થતા આ માર્ગ પર લગાવવામાં આવેલી લોખંડની એંગલ સાથે એક ટેમ્પો ધડાકાભેર ટકરાયો હતો, જેના પરિણામે એંગલ તૂટીને ધરાશાયી થઈ ગઈ હતી. આ અકસ્માતને પગલે માર્ગ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. આ એક અત્યંત વ્યસ્ત અને મહત્ત્વનો રોડ હોવાથી, થોડા સમય માટે રસ્તો બંધ થઈ જવાના કારણે ત્યાંથી પસાર થતા વાહન ચાલકોને પારાવાર હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઘટનાની જાણ થતાં જ સર્વોદય નગર સોસાયટીના પ્રમુખ રાજેશભાઈ પટેલ સહિતના સ્થાનિક રહીશો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.